# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-04-2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **જમ્મુ કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં મૂળ સુરતના એક પ્રવાસીનું મોત અને ભાવનગરના એક પરિવારના ત્રણ સહિત ચાર પ્રવાસીઓ ઇજાગ્રસ્ત.**
2. **મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાશે.**
3. **આગામી બે દિવસ દરમિયાન રાજ્યમાં ગરમી વધવાની હવામાન વિભાગે આગાહી કરી.**
4. **ચાર દાયકા બાદ તાપીમાં 50થી વધુ ગામમાં ઉકાઈ બંધનું પાણી આવતાં લોકોએ નવા નીરના વધામણાં કર્યાં.**
5. **આઇપીએલની મેચમાં આજે હૈદ્રાબાદ ખાતે સનસાઇઝર્સ હૈદ્રાબાદ અને મુંબઇ ઇન્ડિયન્સ વચ્ચે મુકાબલો.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# J & K ATTACT

જમ્મુ અને કાશ્મીરમાં , અનંતનાગ જિલ્લાના પહેલગામ વિસ્તારમાં ગઇકાલે આતંકવાદીઓએ પ્રવાસીઓના એક જૂથ પર કરેલ હુમલામાં મુળ સુરતના એક પ્રવાસીનું મોત નીપજ્યું છે . જ્યારે ભાવનગરના એક જ પરિવારના ત્રણ સહિત ચાર પ્રવાસીઓ ઘાયલ થયા છે

અમારા સુરતના પ્રતિનિધિ લોપ દરબારના જણાવ્યા અનુસાર પહેલગાવના બૈસરનમાં ગઇકાલે આતંકીઓ દ્વારા કરાયેલા ગોળીબારમાં સુરતના શૈલેષ કળથિયાનું મોત થયું છે. જોકે તેમના પત્ની બાળકો તથા અન્ય પરિવારજનો સુરક્ષિત છે. અમારા ભાવનગરના પ્રતિનિધિ સુરેશ ત્રિવેદીના જણાવ્યા અનુસાર આ હુમલામાં ભાવનગરના વિનોદ ડાભીને હાથમાં ગોળી વાગી છે, જ્યારે અન્ય એક પરિવારના ત્રણ સભ્યો ઘાયલ થયા છે. તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે.

મળતી માહિતી મુજબ શ્રીનગર એડિશનલ ડેપ્યુટી કમશિનર દ્વારા શ્રીનગર ખાતેના ઇમરજન્સી કંટ્રોલ રૂમના નંબર જાહેર કરાયા છે. જે આ મુજબ છે 0194-2483651 0194-2457543, 7780805444, 7780938397.

દરમિયાન પ્રવાસીઓ પર થયેલા હુમલા બાદ ગૃહમંત્રી અમિત શાહે શ્રીનગરમાં વરિષ્ઠ અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજી હતી અને સ્થિતિની સમીક્ષા કરી હતી.

આ હુમલાના પગલે ગૃહ રાજ્ય મંત્રીએ તેમનો આજનો પાટણ પ્રવાસ રદ કર્યો છે

---

# CABINET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને આજે ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રી મંડળની બેઠક યોજાશે. આ બેઠકમાં વિવિધ મુદ્દાઓ ઉપર ચર્ચા હાથ ધરાશે. જમ્મુ કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલામાં ગુજરાતના યાત્રીઓની સ્થિતિ અંગેની ચર્ચા હાથ ધરાશે. આ ઉપરાંત ટેકાના ભાવે ચણા અને રાયડાની ખરીદી સહિતના મુદ્દાઓની ચર્ચાની શક્યતાઓ છે.

---

# AHD UDAI

ગુજરાતમાં આધાર નોંધણી અને અપડેટ પ્રક્રિયાઓને વધારવા માટે તાલીમ કાર્યક્રમ યોજાઇ રહ્યાં છે. યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઇન્ડિયાના અમદાવાદના કાર્યાલય અને ગુજરાત શિક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે એક તાલીમ કાર્યક્રમ યોજાયો હતો.. અમદાવાદ ખાતે યોજાયેલી આ તાલીમમાં ગુજરાત શિક્ષણ વિભાગ માટે આધાર ઇકોસિસ્ટમને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું.

ગુજરાતના 15 જિલ્લાઓમાંથી ઓપરેટરો , સુપરવાઇઝર, માસ્ટર ટ્રેનર્સ અને જિલ્લા નોડલ અધિકારીઓ સહિત આશરે 150 સહભાગીઓએ તાલીમ લીધી હતી.

આધાર ઇકોસિસ્ટમનો પરિચય, તેની પ્રક્રિયા , દસ્તાવેજી કરણ તેમજ દંડની જોગવાઇ સહીતના મુદ્દાઓ આ તાલીમમાં આવરી લેવાયા હતાં.

---

# INFORMATION WEBSITE LAUNCH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે માહિતી ખાતાની નવા કલેવર સાથેની યુઝર ફ્રેન્ડલી વેબસાઈટ gujaratinformation.gujarat.gov.in નો પ્રારંભ કરાવ્યો છે આ વેબસાઈટ દ્વારા સરળતાથી વિવિધ પ્રેસનોટ, પ્રકાશનોનો લાભ લઈ શકાશે.

માહિતી ખાતાની આ નવિનતમ વેબસાઈટને વધુ યુઝર ફ્રેન્ડલી અને મોબાઈલ ફ્રેન્ડલી બનાવવામાં આવી છે. જેમાં ઘણા વધારે ફિચર પણ ઉમેરાતાં તે યુઝરને વધારે ઉપયોગી બની રહેશે.

નવી વેબસાઈટમાં પ્રેસનોટને ટેક્સ્ટ ફોર્મેટ , વિડીયો, ફોટો સાથે મલ્ટીમીડિયા ફોર્મેટમાં અપલોડ કરવામાં આવશે. આ ઉપરાંત માહિતી ખાતા દ્વારા પ્રકાશિત થતા પ્રકાશનોને વાંચવાની, ડાઉનલોડ કરવાની વ્યવસ્થા છે.

---

# KUTCH BHUKAMP

કચ્છમાં ગત રાત્રે પાંચની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. દુધઈ નજીક કેન્દ્રબિંદુ ધરાવતો આ આંચકો ગત રાત્રે 11 વાગીને 26 મિનીટે નોંધાયો હતો. જેની રિક્ટર સ્કેલ પર પાંચ ની તિવ્રતા નોંધાઇ હતી..આ આંચકાને કારણે લોકોમાં ભારે ગભરાટ ફેલાઇ ગયો હતો..

આ આંચકો ભુજ , નખત્રાણા, રાપર, ભચાઉ સહિતના વિસ્તારોમાં આંચકો અનુભવાયો હતો અને લોકો ઘર ની બહાર દોડી આવ્યા હતા..પૂર્વ સહિત પશ્ચિમ કચ્છમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો..અવાજની સાથે ભૂકંપનો આંચકો લોકો એ અનુભવતાં લોકોમાં દહેશત ફેલાઇ ગઇ હતી..

---

# WEATHER

હવામાન વિભાગે રાજ્યમાં આગામી બે ત્રણ દિવસ દરમિયાન તાપમાનનો પારો ઉંચે જવાની આગાહી કરી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે વિગતો આપતાં જણાવ્યું હતું કે દિવસ દરમિયાન રાજ્યનું હવામાન સૂંકૂ રહેશે.

## બાઇટ- રામાશ્રય યાદવ, વૈજ્ઞાનિક

છેલ્લા 24 કલાકમાં રાજકોટ અને અમરેલી ખાતે મહતમ તાપમાન 42 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે અમદાવાદ, ગાંધીનગર, ભુજ, કંડલા અને સુરેન્દ્રનગર ખાતે મહતમ તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

---

# GANDHINGAR CHC CENTRE

ગાંધીનગર મહાનગરપાલિકા અંતર્ગત કોબા અને પેથાપુરમાં બે નવા શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્રો બનાવવા સરકારે વહીવટી મંજૂરી આપી છે.. આ માટે ત્રણ કરોડ.૭૦ લાખની નાણાકીય ફાળવણી સાથે વહીવટી મંજૂરી આપી છે.આ બંને આરોગ્ય કેન્દ્રોમાં ૨૪ કલાક તાત્કાલિક સારવાર ઉપલબ્ધ રહેશે, જેનાથી વિસ્તારના રહેવાસીઓને સમયસર અને ગુણવત્તાસભર આરોગ્યસેવાઓ મળશે તેમ ગાંધીનગરના મેયર મીરાં પટેલે જણાવ્યું હતું.

## બાઇટ- મીરા પટેલ, મેયર, ગાંધીનગર

---

# UKAI DAM

તાપીમાં 50થી વધુ ગામમાં ચાર દાયકા બાદ ઉકાઈ બંધનું પાણી આવતા ગ્રામજનોએ આદિવાસી પરંપરા મુજબ પાણીનાં વધામણાં કર્યા હતા. સોનગઢ તાલુકામાં આવેલા આ ગામોમાં માર્ચ અને એપ્રિલ મહિનામાં નદી, નાળા અને તળાવ સુકાઈ જતાં હોવાથી લોકો ઉનાળું પાક લઈ શકતા નથી. જોકે, હવે ઉકાઈ બંધમાંથી પાણી છોડાતા 54 જેટલા ગામની મુશ્કેલીઓ દૂર થશે. હાલમાં 20 જેટલા ગામને પાણી આપવાનું શરૂ કરાયું છે. આ અંગે બંધારપાડાના રહેવાસી રમેશ ગામિતે ખુશી વ્યક્ત કરી હતી..

## બાઈટ- રમેશભાઈ ગામીત

---

# DIU VIDEO CONFERENCE

દીવ ખાતે મત્સ્યદ્યોગ ,પશુપાલન અને ડેરી મંત્રાલય નવી દિલ્હીના સચિવે વિડિયો કોન્ફરન્સના માધ્યમથી બેઠક યોજી , દમણ - દીવના માછીમારો તથા માછીમારો એસોસિએશન સાથે સીધી વાત કરી હતી , જેમાં માછીમારોના વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા કરાઇ હતી.

બેઠકમાં સરકારી યોજનાઓ અને સબસિડીને જલ્દી અમલમા લાવવા, આઈસ ફેક્ટરી વધારવા , ફિશિંગ પ્રતિબંધને બે મહિના થી વધારી અઢી મહિના કરવા સહિતના પ્રશ્નોની રજુઆત કરાઇ હતી.

---

# PATAN HAJ YATRI VACCINATION

પાટણ જિલ્લામાંથી આગામી બીજી મે ના રોજ ફલાઇટ દ્વારા મક્કા મદીના ખાતે  હજયાત્રીઓ હજ પઢવા જવાના છે. હજયાત્રાએ જનાર તમામ હજયાત્રીઓને પાટણ સિવિલ હોસ્પિટલ ખાતે મગજના તાવ અને પોલીયોની રસી આપવામાં આવી હતી..

ગઇકાલે યોજાયેલા   રસીકરણ અને   મેડિકલ ચેકઅપ કેમ્પમાં રસીકરણ કરાયું હતું. પાટણ જિલ્લાના 360 ઉપરાંત મહિલા હજયાત્રીઓ સહિત 700 ઉપરાંત હજયાત્રીઓને એક જ દિવસે રસી આપવામાં આવી હતી.

---

# IPL CRICKET

આઇપીએલ ટી-20 ક્રિકેટમાં ગઈ કાલે દિલ્હી કેપિટલ્સે યજમાન લખનૌ સુપર જાયન્ટ્સને 8 વિકેટે હરાવ્યું હતું. લખનૌના એકાના સ્ટેડિયમ ખાતે 160 રનના લક્ષ્યાંકનો પીછો કરતા   દિલ્હીએ 2 વિકેટ ગુમાવીને  161 રન બનાવ્યા હતા. અગાઉ, બેટિંગ કરવા ઉતરેલી લખનૌ સુપર જાયન્ટ્સે નિર્ધારિત  20 ઓવરમાં છ વિકેટ ગુમાવીને 159 રન બનાવ્યા હતા.

દિલ્હી કેપિટલ્સે ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી હતી. દિલ્હી હાલમાં બીજા સ્થાને છે, જ્યારે લખનૌ પાંચમા સ્થાને છે.

આજે  હૈદરાબાદના  રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રીય સ્ટેડિયમમાં સનરાઇઝર્સ હૈદરાબાદ અને  મુંબઈ ઈન્ડિયન્સ સામે ટકરાશે. મેચ સાંજે સાડા સાત   કલાકે શરૂ થશે.

---